પંજાબ મેલ

અથવા

બોલતી ફોનોગ્રાફ

પ્રગટ કર્તા
કાગઝી મહમુદમીયાં એન્ડ એમ. બુકસેલર્સ
એન્ડ પબ્લીશર્સ.
૬૦ ટાવર રોડ, અલાયાની વાડી સામે-સુરત.

સર્વ હક્ક પ્રકાશકને સ્વાધિન છે.

છાપનાર:--ગોવિન્દજી ડાહ્યાભાઈ નાયક.
અનાવિલ બંધુ" પ્રિન્ટીંગ પ્રેસ. બરાનપુરી ભાગળ
ભાજીવાળી પોળ-સુરત.

કીમ્મત ૦—૬—૦.

VISIT…

૧૬૦૬૬
તૈયાર છે. —નવી ડીટેકટીવ વાર્તા— તૈયાર છે.

અઠંગ ઉઠાવગીર અથવા ચાલાક ચોર.

બ્હાદુરી ભરી ચોરી કરી–પોલીશને વાય વાય પોકરાવનાર અજાયબ ચોર અગાઉથી પત્ર લખી ચેતાવી. હાથચાલાકીથી પોલીશ અને પ્રેક્ષકને ઢીંગ કરી નાખનાર અદભૂત ચોર જેનાં એકેએક પરાક્રમ અજાયબીથી ભરપૂર છે. છેવટે એ બ્હાદુર ડીટેકટીવને હાથે–બહુ હોંશીયારી બતાવતા કેવી રીતે ગીરફતાર થાય છે. તે વાંચો.

એકવાર વાંચવા લીધા પછી ચોપડી પૂરી કર્યા વગર બીજું કામ તમોને નહિજ ગમે એની ખાત્રી રાખશો.

કીમત ફક્ત બાર આના.

એજ ચાલાક ચોરનું બીજું સાહસ.

ડાકટર કે ડાકુ અથવા લોભી લુંટારો.

અજાયબ બેદભરમથી ભરપૂર એક જાહેર બાગમાં બેભાન હાલતમાં મળતી સ્ત્રીઓથી નવા કેશની શરૂઆત થાય છે. જેમાં એક જાહેર મીજલસમાંથી વિજયગઢની મહારાણીનાં ગળામાંનો કીમતી ચન્દ્રહાર ગુમ થાય છે. જે પાછો મેળવતાં મુશ્કેલી અને હાડમારી ભોગવવી. છેવટ ડીટેકટીવ કેવી રીતે ફતેમંદ થાય છે. તે જરૂર વાંચો. કીં. બાર આના.

મળવાનું ઠેકાણું:—

શા. ચુનીલાલ મગનલાલ બુકસેલર.

ઠે૦ રાણીતળાવ—સુરત.

गुजरात विद्यापीठ ग्रंथालय
[गुजराती कॉर्पोरेशिट विभाग]
अनुक्रमांक [illegible] १५०६६ वर्गांक
पुस्तकनुं नाम पंचम वेद
विषय ८-:६



રાગ ભીમપલાસઃ— (ડાહ્યા દીવાના)

દુનીયાને ઉંધા ચશ્મા, ડાયા દીવાના લાગે-દુનીઆને
મીરાં હતી દીવાની. નરસીંહ હતો દીવાનો,
તે ભકતી સુધા પીનારા, ડાહ્યા દીવાના લાગે-દુનીઆને
જે પ્રેમના સુપંથી, શુદ્ધ પ્રેમને વીસરીઆ,
પ્રહલાદ ને એ મજનું, ડાહ્યા દીવાના લાગે-દુનીઆને
નીજ જન્મ સીદ્ધ હકકના, પાઠો ભનાવે તીલક,
તે સ્વતંત્રના શુકાની, ડાહ્યા દિવાના લાગે-દુનીઆને
હૈડે વસી ખીલાફત, જુઝયા અકીબીરાદર,
દીનપર ફીટી મરનારા, ડાહ્યા દિવાના લાગે-દુનીઆને
સી. આર. દાસને નેહરૂ એ બેરીસ્ટરની ગુમાવી,
દેશ કાજે કાજનારા, ડાહ્યા દિવાના લાગે-દુનીઆને
આદર્શ વીર ગાંધી, જય જેલમાં બીરાજે,
તે પણ જગતની આંખે, ડાહ્યા દિવાના લાગે-દુનીઆને

ભમરીઓ કુવોઃ— (ભમરીયો કુવો)

ભારી બોડાં ને હું તો નાજુકડી નાર
કેમ કરી પાણીડાં ભરારે ભમરીયા કુવાને કાંઠડે
ગોરી નીચી ને ઉંચા કાંઠડારે રાજ
ચડતાં કમર લચકાયરે ભમરીયા કુવાને કાંઠડે
સરકે સાલુડા નીર સીંચતારે રાજ
કોઇની નજર લાગી જાયરે.....ભમરીયા
પાણી પાણી થઈ જતીરે એવાં પાણી ભરવા કાજ
રસીઢી ના જતી

પીના સુખને કારણે પુરૂષ થાય કુરબાન
તો પાણી ભરવા મહી શું ગાજું નુકસાન
લોકોમાં મશ્કરી થાયરે ....ભમરીયા૦

ઘુંઘટનો ગરબોઃ—

ઝટ જાઓ ચંદન હાર લાવો, ઘુંઘટ નહિ બોલું હું
મને લાગ્યો બે હારનો નેડલો, તમથી નહિ બોલું હું.
બોંધી તારી માગણી, બોંધા તારા મૂલ.
બોંધી તારી પ્રીતડી, મેં કરતાંજ કીધી છે ભૂલરે,
ઘુઘટ ઝટ બોલોને.

બોહન મેંતો માંગીયો, બોંધો ચંદન હાર,
લાવો હાર પછી પીયું તમે, લુટો જોબનીયાની બહારરે.

ચેતન યુગઃ— (માતૃભૂમિ)

ઓ માતૃભૂમિ તારા મુક્તિ તણા કિનારા
કયાં છે પ્રકાશ ધારા અંશુ હૃદય અમારા—
વર્ષો અનંત વાળી રાત્રિ વીતિ છતાંયે
છે દૂર વ્યોમમાંહિ આશાઓના મિનારા—
જો હોય કંઇ મલિનતા જગનાથ દૂર કરજે
અમને છે એક તારા ઓજસ ભર્યા સહારા.—

સમ્રાટ હર્ષ— (વેલાં જીવન)

જોબનીયાં જીવન વેલાંકરે, લોચનીયાં ત્યારે તલસ્યા કરે;
દિલ દરદે ભરે, સૌ દિવાના ફરે—જોબનીયાં
ઘેન આંખે વસેને હસાવ્યા કરે,
નવીન ભાવે એ દિલ, ડોલાવ્યા કરે,—જોબનીયાં
વેપારમાં નફો નથી ને કમાણી આવી કરી;—
બંગાળમાં આવ્યા પછી તો ભાઇઓ ભારે કરી—જોબનીયાં

સમ્રાટ હર્ષઃ— (ઘાયલ જીગર)

પ્રેમી બધાં દિવાના, ઘાયલ જીગર ન ભુલે!
દિલને જગાવનારી, વાંકી ભમર ન ભુલે!
ખંજર તણા જખમ તો, દેતાં મલમ રૂઝાતા;
રૂઝે ન ઘા કલમથી, તીરછી નજર ન ભુલે!
પળ એકના, વિયોગે, લાખો વરસ વીતે છે;
જીવે ઝુરી ઝુરીને, મરતાં અગર ન ભુલે!

ચેતન યુગઃ— (ચેતનના અંબાર)

આજ ઉતર્યા સ્વર્ગભુવનથી ચેતનના અંબાર
ઉતર્યા ચેતનના અંબાર
જીલ જીલ ઓ ભારતવાસી! તજી મોહ અંધાર—ઉતર્યા.
યુગ યુગની નિદ્રા વિસારી, તુચ્છ જીવનના મોહ નિવારી;
તન ધન જન્મભુમિ પરવારી, માતૃભુમિનું ઋણ ઉતારી
કર સાર્થક અવતાર—ઉતર્યા.
આત્મભોગના મંત્ર પચાવી, સહિષ્ણુતાનો ધર્મ શોભાવી
જગને નૂતન ધર્મ શિખાવી, પુણ્ય ભુમિનું નામ દિપાવી
કર જગમાં જયકાર—ઉતર્યા.

સમ્રાટ હર્ષઃ— (દિવાનો પ્રેમી)

અમોને ભોગ કે વિલાસની અભિલાષ નથી;
વિષયની વાસનાનો, હૃદયમાં નિવાસ નથી!
સુધા છે સ્નેહ અને, વિષય તો છે વિષ સદા;
મજા છે પ્રેમમાં એ, મોહમાં મિઠાશ નથી?
મળે જ્યાં પ્રીત ત્યાં, હજાર દર્દ જાય ભૂલી;
દિવાના પ્રેમીઓનો અન્ય ઠાંઇ આશ નથી!

ચેતન યુગ— (એક સવાલ?)

મોહ ભરેલા જીવન અમારાં મોહ ભર્યા સંસાર વિષે
અમને રૂચે નિત્ય અવનવી મોહકના શણગાર વિષે—
દેહ સ્વદેશી હૃદય સ્વદેશી તે ઉપર શણગાર વિદેશી

એ શણગારે દેશ દુખ્યો છે દરિદ્રતાના ભાર વિષે —
અમે સુકોમળ કુમારીકાઓ દેશ ભકિતની વાતો વલ્લભી
નાને મોટે મોટી વાતો નવ રોલે વહેવાર વિષે—
દેશ હિન્દ છે વીરાંગનાનો છો સંતાન તમે સહુ તેનાં
કયાં છે હિસ્સો કહો તમારો ભારતના ઉદ્ધાર વિષે—

અજય ધારાઃ— (અંતરની વાત)

આજ સખી અંતરની પુછું એક વાત કહો
મીઠાં સંધ્યા કે સખી મીઠડાં પ્રભાત કહો—?
બન્ને લાગે મધુર બન્નેથો દુઃખ દુર
બેમાંથી કોણ રળીઆત કહો—?
સુખીઆને સાંજ ગમે દુઃખીઆ જન દિવસ ગણે
ઘેલાંને કાંઇ ન ગમે શાણાને સર્વ ગમે
વિરહીને સો સમાન દિવસ અગર રાત કહો—?
હમણાં રાત્રી થશે ને પ્રિયતમની પાસ જશું
એવાં ઉત્સાહે નહિ રહે ભાન સાન કશું
સંધ્યા રસરાજ તણી સજની સાક્ષાત કહો—?

અજય ધારાઃ— (ખોટું અભિમાન) રાગ-ભજન

ચાર દિવસ ચડતી મળી ત્યાં આવ્યું અભિમાન
પાછળ પંડતી હોય એ ભુલી ગયો અજ્ઞાન
રે પ્રભુતાના વ્યર્થ ગુમાની
છે પડતી એજ નીશાની મનમાં ધરે ગુમાની

રાજ્ય લોભને કારણ જગવે કલેશ વૃથા અભિમાની—
એક ભૂમીના પુત્ર આપણે વૈર તૃષા આ શાની
અરસ પરસના કલેશ મહીં છે બન્નેને નુકશાની
વૈર તૃષા જ્યારે ટળે ત્યારે કલેશ ભુલાય
કે જ્યારે ગુર્જર ભુમિ સૌથી શ્રેષ્ઠ ગણાય
તમે શ્રેષ્ઠ કે અમે શ્રેષ્ઠ એ તકરારો મમતાની
ભારતભૂમીએ તકરારોમાં નિર્બળ થઇ જવાની—

વિરની વટઃ— (લાયકાત)

લાયકાતના પાઠ પઢાવો **લાયક કેમ થવાય ?**
પઢી પઢીને પોપટ થાશું શીખવો તો શીખાય
કહોને લાયક કેમ થવાય ?
ભણુતર ભણવા નીશાળીઆઓ નીચે બેસી જાય
ગુરૂ વચનને ગોખી રાખે તો જ્ઞાની કહેવાય
કહોને લાયક કેમ થવાય ?
લાયકાતનાં લેખાં લાઠી જોને આમ લખાય
અરસપરસની આંખ મળે ત્યાં શિક્ષણ પુરૂં થાય
એ તો શીખવ્યું ના શીખાય.

વિરની વટઃ— (જગત રંગ)

સાધુ થઇને જે જે શીખ્યા એ સ્વામિ સમજાવો
કેવા કેવા થયા અનુભવ અમને કહી બતાવો ?
બોલો રંગ જગતના કેવા ?

જાહેરમાં જે સભ્ય ગણાયે હોય નામના મોટી
અંદરખાને ઉધાં ધંધા કયાનત રાખે ખોટી
ગાદી તકીએ બેસી બોલો રામ ફેરવે માળા
હજામ કરી લોકોનાં નાણાં કાઢે છે દેવાળાં
જોયા રંગ જગતના એવા.

અમર આશાઃ— (જમાનાની બ્હાર)

જોઇ લ્યો જમાનો આવ્યો આજે બૈરાંની છે બહાર,
મીસ્ટરની કીંમત કોડીની છે મીસીસના પોબાર.
સુધારે માંડયા તોફાન ફેશનમાં સઘળા બેભાન
કરવા કયાં પોબાર,
પફ પાવડરના લેપ લગાવી સન્નારી ચાલ્યાં પૂરવા.
ઢાલે લમણે બેઠા હીયર આજે ઘરને બાચવવા,
શેઠ કરી રહ્યા છે વેઠ. ઘર હોએ કે બેરોનેટ,
એજ મોડર્ન એટીકેટ.
વાત કરૂં છું પ્રાયવેટ એકઝેકટ–જોઇ લ્યો જમાનો.

અમર આશાઃ— (કટુ વચન)

કામીનીના કટુ વચન અમૃતથી મીઠાં માને (એ માને)
રસીક રમણ એ રસની રમતે રમણી રીઝવી જાણે (જે જાણે)
પુર મસ્તીમાં વ્હેતી સરીતા સામે થાતાં તાણે,
તહોય સરિતા વિશ્વ સકળની સામર સાચવી જાણે (સાચવી જાણે)
જાત તમારી રીસાળ એવી પળપળ ઓછું આણે,
ગમતા અમને તે નર જે અમ વચને નાચી જાણે (નાચી જાણે.)

અમર આશાઃ— (ભારતની મૂર્કિત)

સ્વાતંત્ર્યતણા આજ ઉગ્યા સૂર્ય સોહેલડી
ભારતની કુંજ કુંજ જાગી રહી.
ઝીલો ઝીલો પ્રકાશ ભરો ઉરમાં ઉલ્લાસ,
આજ રાષ્ટ્ર વીણા રમણીઓ વગાડી રહી–સ્વતંત્રતાની
હોય પુરૂષો કહેતા કે હજુ અબળા તમે,
કષ્ટ સહેવાનાં ધૈર્ય હજી શીખો તમે
કહો પુરૂષોને રાષ્ટ્ર સુર ઝીલ્યા અમે.
હતી અબળા બીચારી બીન શક્તિ શસ્ત્રધારી,
સકળ રમણીને રાષ્ટ્ર ધુન લાગી રહી–સ્વતંત્રતાની

અમર આશાઃ— (મધુરા સત્કાર)

મધુરા સત્કાર અમે ઉરના આભાર સાથ,
કરશું મ્હેમાન આજ આપના.
સ્નેહથી સ્વીકાર અમે કરતાં આ વાર.
હશે મીઠા ઉપહાર આજ આપના.
સ્વાર્થી સંસાર પંથ મળતા કોઇ વીરલસંત,
સમજાવે જીવન ગ્રંથ ભાવના.
મીઠા જેના પ્રબંધ સમજું ને વીકટ બંધ,
તરસ્યા અનંત સંત જ્ઞાનના.
દીવ્ય જ્ઞાન આપે સ્વર મીઠા આલાપે,
એ મંજુલ સીતાર તાર આપના.

એ કોનો વાંકઃ— (રાગ–ગઝલ)

કરણી ભલી મનની કુળવાનની નીશાની
નથી રૂપ કે જુવાની પહેચાન પાત્રતાની
ધન માલ કે પ્રભુતા તેમાં નથી મહત્તા
તુલના મહાનતાની સદ્‌ગુણથી થવાની
ઉત્તમ તણે કપાળે નથી છાપ ઉચ્ચતાની
ચારીત્ર શુદ્ધ ઉંચુ છે એજ આનદાની–કરણી

એ કોનો વાંકઃ—

ચુંબન વિણ તો સ્નેહ ન જામે જુઓ જગતના ખેલ,
ચુંબનના ચટકે ધોવાયા, સ્નેહી મનના મેલ...તમે
હારે જ્યારે વદતા વાણી, આંખ આંખ હંસીલે હ્યાણી.
દિલથી દિલદ્‌ભાવી કહેતું કંઇ કંઇ કીસ્સા કહાણી.
વસમી વાતો એ મુશ્કેલ, સમજવી નથી અન્યને સહેલ.
પશુ પક્ષીઓ જુઓ બીચારા વાણી વીણ વીચરે દુખીયારા.
સ્નેહ ઉભળકો મૌન્ય વ્રતીએ, સમાવે ચુંબન દ્વારા.
નિર્મળ સ્નેહતણો એ વેલ પોશવી ચુંબનથી કરી પહેલ. ચું૦

માતૃભુમીઃ— (આઝાદીકી તમન્ના)

અપને બતન ખાતીર... મરના મુઝે શીખા દો.
આઝાદીકી તમન્ના.... ધરના મુઝે શીખા દો.
હૈ હિન્દ દેશ મેરા.... મૈં હિન્દકા હું બેટા,
જાને નિસાર ઉસ પર... કરના મુઝે શીખા દો.

પૈદા હુવા યહાં મૈં.... મરના મુઝે યહાં હૈં,
તબ આજ મૃત્યુસે ના...ડરના મુઝે શીખા દો.
જીવન બના હૈ ઝેરી... અબ કયોં કરૂં મૈં દેરી,
કુરબાન જાન મેરી... કરના મુઝે શીખા દો.

ગરીબની હાય !— (પૈસાનું સત્રપણું)

આંસુ અમારા દીનના લુછનાર આજે કોણ છે?
ભૂખ્યા જમ્યા એ પ્રશ્ન પૂછનાર અમને કોણ છે?
તરસે મરી જઇએ અમે પાનાર કો પાણી નથી,
મીઠી જીભે બોલાવનારૂં કહો અમોને કોણ છે?
થુ....થુ તિરસ્કારે બધા...પણ દાદ કો દેતું નથી,
'રે આવ' સરખો શબ્દ પણ કહેનાર અમને કોણ છે?
રડનાર પર હસનાર આજે લાખ દુનિયામાં હશે,
રડનારની સાથે રડે પણ એક એવો કોણ છે?

ગરીબની હાય?— (પૈસાની બલીહારી)

જ્યાં જ્યાં જુઓ ત્યાં આજે રે...પૈસાની બોલબાલા.
પૈસે ગુલામી કરતાં....પૈસે સલામો ભરતા,
પૈસેથી લોક ડરતારે... પૈસાની બોલ બાલા....જ્યાં
પૈસેથી જ્ઞાની થાતાં...પૈસેથી માન પાતા,
પૈસેથી સહુ પૂજતા રે....પૈસાની બોલ બાલા....જ્યાં
પૈસો કરે શ્રીમંતો...પૈસો કરે ધીમંતો,
પૈસાથી કીર્તિવંતો રે....પૈસાની બોલ બાલા....જ્યાં

પાપ કરાવે પૈસો....પાપ છુપાવે પૈસો,
પરમાત્માય પૈસો રે....પૈસાની બોલ બાલા...જ્યાં

ગરીબીની હાય !— (અમીરો કેવા જોઇયે ?)

ગરીબી હાથ જે ઝાલે ન મદ ભ્હોટાઈમાં ભ્હાલે,
પ્રભુને ઓળખી ચાલે અમીરો હો તો એવા હો !
નિયમ પરમેશ્વરના પાળે મળે એમાંજ મન વાળે,
સુખી સાદું જીવન ગાળે ગરીબો હો તો એવા હો !
પ્રભુના નામ પર પ્યારી કરે કુરઆન શ્રી ચારી,
છતાંયે હોય સંસારી પૂકીરો હો તો એવા હો !
સીતમ સંતોષથી સાંખે મુખે અપશબ્દ ના ભાખે,
ભરોસો રામ પર રાખે ભિખારી હો તો એવા હો !
કરૂણામય સુણી કહાણી ભરે જે આખમાં પાણી,
સખાવતની કરે લ્હાણી દિલાવર હો તો એવા હો !

રણગર્જનાઃ— (પ્યારની લુંટ)

લૂટો તો લૂંટાને પ્રેમના પ્યારમાં;
બે ઘડી તો થાને ઘેલાં પ્યારમાં,
જીંદગી જોબન બધાં કુરબાન છે;
જાદુગરી આંખલડીના મારમાં—લૂટો.
દિલડાંને હારવામાં છે મજા;
હૈયાં....જ્યાં ભીંજે આ ધારમાં,
કટારી છે નયન ઘાવો, ભમર વાંકી તો ખંજર છે,
બધા ઘાવો સહન કરવાને, સામે પ્રેમી અંતર છે;

નથી ધનવાન આ પ્રેમી, હૃદય પ્રેમી તો નિર્ધન છે.
અહીં તલ્વાર પ્રેમીની, અહીં પ્રેમીની ગરદન છે.–જીંદગી.

મરદના ઘાઃ— કોમીક–(આ વિચારવાની વાત છે)

કહેા ભાઇ કયાંથી શાન્તિ વળે.
જીવલડેા રાત દિવસ બહુ બળે.
કરમનેા વાંઢાપેા કયમ ટળે....કહેા.
જમણે હાથે નીકળું ત્યાંજ જમના સામી મળે,
ચૌટે જાતાં ચંદન બળતી ચાર આંખડી ઢળે.
આખા ગામમાં સૈા પરણેલાં જોઇને કાળજું બળે....કહેા.
એળે જતેા અવતાર કહેા કેાઇ કયાંથી મનડું વળે,
લટકાળી કેાઇ લક્ષણવંતી જોઇને ચિતડું ચળે,
પાડેાશીને બાર બાયડી અમને એક ન મળે....કહેા.

મરદના ઘાઃ (ગંભીર મામલેા)

જ્યાં જીંદગીમાં રસ નહીં, ધંધામહીં કંઇ કસ નહીં.
ભાઇ ભાભી વશ નહીં, બૈરી તરપથી જશ નહીં
મામલેા ગંભીર જ્યાં શું કામનું એ ગામ છે
નાસી જવું અહીંથી હવે મર્દાઇ એનું નામ છે
મારવાડ જોયાના કેાડ મેાહનજી મારવાડ જાશું
જાઝી માથાફેાડ છેાડ એ દેવકી પાંજરે પુરાશું,
મારવાડ જાશું ને માતેલાં થાશું બાટીને દાળ ખુબ ખાશું
મારવાડ જાશું તેા ભુખ ભેગા થાશું,

અજય ધારાઃ— (રાગ–કવ્વાલી.)

જગતને જીતનારાઓ વિનંતી આ વિસરશો ના
તમારી વિજય કીર્તિને કલંકીત કોઇ કરશો ના
સ્વદેશી કે વિદેશી હો સ્વધર્મી કે વિધર્મી હો
છે ઇશ્વર સર્વને માથે ભુલીએ ગર્વ ધરશો ના—
તમારા દેશનાં ગૌરવ તમોને હોય જો વ્હાલાં
અમારા આ પુનીત સ્મરણોને ખંડીત કોઈ કરશો ના
અમે મરશું છતાં આતમા અમારો અહીં સદા રહેશે
અમારી આત્મ વેદીને ચરણ નીચે કચરશો ના

અજાત શત્રુઃ—

અહીંસાના ધ્વજપટ જેણે યુગયુગ ફરકાવ્યા
કરૂણા મંત્રે પ્રેમલતંત્રે ભારતગાન ગજાવ્યાં
ધ્વજ યુગયુગ પૂરકાવ્યા

બુદ્ધદેવ એ ભારત ગૌરવ. દેશ વિદેશે વધાવ્યા.
પ્રેમસુત્રના કાચાતારે મહા સામ્રાજ્ય જમાવ્યાં
અવતારી જગતારી ગયા, જેણે બંધુભાવ ફેલાવ્યા.

અજાત શત્રુઃ— (રાગ–કવ્વાલી)

જીવનરસ લુંટનારાઓ લુંટો છો કે લુંટાઓ છો
હૃદય સાગરના તારાઓ કુમો છો કે કુમાઓ છો
દીનશત સુધારસ પીવા તરશ્યા રહોજી કેવા,

છે અધરા હ્યાવા લેવા શીખો છો કે શીખાવો છો,
સાગર સદા તોફાની હરતો નથી સુકાની,
બેડો સફર મનમાની તરો છો કે તરાવો છો

અજાત શત્રુઃ—

મધુરાં ચુંબનનાં હ્યાણાં.....
હઇ હ્યો રાજ આજ અંતરમાં ઉકળતી ઉની જ્વાળા—
વીસ્યાં ચુંબનનાં હ્યાણાં.....
હઇ હ્યો પ્રાણ હ્યાણ, મહ ભરતી રસત્રરતી યૌવન શાળા
આપ કલંકી તેવી હું યે કલંકી.....
નાચે કલંકના સીતાર કેરા તારપર સંસાર લુટે ખ્હાર વાયે ખ્હાણાં
ચંદ્ર કલંકી ખ્હાલી ખંદ્ર કલંકી,.....
નાચ્યા કલંકના સીતાર કેરા તારાપર કીરતાર વારંવાર કે કે શાણા

અજાત શત્રુઃ— (રાગ ગઝલ)

નયન શર છુટતાં ચાલ્યાં ઉભાં ત્યાં માર્ગમાં આવી.
ઘવાશો ને પછી દીલબર અમારે શું અમારે શું.
બહુ છોડો નહીં બાણો રંગેને શર ખુટી જાશે,
જીવન રજની વીતી જાત સવારે શું સવારે શું,
ઝુલીને પુષ્પ શૈયામાં કરો છો ઘાવ મનમાન્યા,
સજા અમને મઝા તમને તમારે શું તમારે શું.

અજાત શત્રુ:— (લોળી ભામા)

હું તો લોળીને અજાણી બાઇ પરણીને પસ્તાણી,
અધવચ્ચ વગડે લુંટાણી, કહોને જઈ કહેવી કહાણી–
મેં જાણ્યું મનમાન્યા સાથે રમશું રજની રંગે,
આશા પાલવ તાણી, જમશું પ્રીયતમજીની સંગે,
એણે પ્રીતલડી ન પીછાણી, ભાગ મનની મને સમાણી

અજાત શત્રુ— (લગ્ન વિધી)

રમણી તમે ઓરાં આવો
જમણા કરને લંબાવો ચોઘડીયું વીતી જાય છે,
અહીં માંડવડા બંધાવો.....
તમે સાજનીયા બોલાવો કોની લંકા લુંટાય છે—
સસરાજી શરણાઇ વગાડે સાસુજી તમે તાસાં
ભુંગળ નાનાભાઇ વગાડે પત્ની ઢહુંચે પતાસાં–ચો.
વેવાઇમાં ગંગારામ છે દાપામાં દીલારામ છે.
જાનઇયા આખું ગામ છે પછી સાજનનું શું કામ છે.
અલમ્ શ્યામા શ્યામ આવો આમ.
આપે આશીશ ગંગારામ, બોલો સઘળા રાધેશ્યામ

એક હી ભૂલ— (પૈસાનો પ્યાર)

બાબા પૈસેકા ઝુટા હૈ પ્યાર ભુલ હૈ ભુલતે હો,
હૈ દીખાવેકી ઇંસકી બહાર મોંહમેં ઝુલતે હો;
ભાગ્ય તારા ઝગમગે દૌલત મીલે હસ્મત મીલે;
રસ રંગકે જલસે જમેં અહબાબકે ગમ ઘટ રહે.

સબજી બજા જીહાં કહે હમ મકકા ભરતેં રહે,
જુટી ખુશામદ પ્યારસે જેમ અપની વો ભરતે રહે;

એક હી ભૂલ—

મુજ ભોલીકો ભરમાયરી મા કૈસે કરૂં,
સીધી સાદીકો કુમલાયરી મા કૈસે કરૂં.
મેરે પીછે પીછે આવે પ્રેમ બાત બમજાવે.
મેરા લે ગયા વો મન કૈસે છીનતી,
પ્યારી કેહકે બુલાવે ઐસી બાત કયુંકર ભાવે,
વો તો માને નહીં એક મેરી બીનતી.
લાગી અસી અરરર....રરર....રરર....રરર
હાયરે મા કૈસે કરૂં....મુજ ભોલીકો૦
ઇસકી ચાલ ઔર ઢાલ, કરે મનકો બેહાલ
મારે તીર નયનવા ઇસકે,
કરે જોસ જોરી પ્રીત યે કયસી નીકાલી રીત
મુજે મોહે અધીકાર મોપે કરકે,
છાતી મેંહો થરર...રરર....થરર....રરર હાયરે
મા કયસે કરૂં....મુજ૦

સત્તાનો મદઃ— (ભજન)

તું ચેત મુસાફર વહી જશે છે સમય ઘડી કે બેઘડી.
એ.....મસ્તી મનમાં રહી જશે છે સમય ઘડી કે બેઘડી.
છે આંખ છતાં કાં અંધ બને!
લઇ દીવો હાથ કાં કુવે પડે!

અભિમાન અશ્વપર ચડી ચડી.....છે સમય૦
કંઇ ચેત હજી અજ્ઞાની
થઇ જશે જીવન પાણી પાણી.
પળમાં જો કાળ જશે જકડી..... છે સમય૦
પડતીના પડઘા પડી રહ્યા,
દુઃખના ડંકા ગડગડી રહ્યા.
જો વિપત વાદળી શીર ચડી.....છે સમય૦

સત્તાનો મદઃ— (માયાના બંધન)

હું કોણ અને આવ્યો કયાંથી એ જોઇ નહીં સમજે મનમાં
લપટાઇ બને મોહાંધ અતિ માયાના બંધનમાં–પડી માયાના૦
કર્મ પ્રમાણે જન્મજ ધરતો નહીં કરૂં પાપ એ કરાર કરતો
જીવ જન્મતા ભુલે સઘળું હું અહીંયા તુ ત્યાં–પડી માયાના૦
યૌવનમાં એ ધન જોબનમાં મુગ્ધ બને તરૂણીના તનમાં
ઉંચું જોઇ ચાલે અભિમાની ઉછળે કયાનો કયાં–પડી માયાના૦
બુઢ્ઢાપામાં કાયા કંપે તોય ઉપાધીથી નહીં જંપે
કાળ પાશમાં પડી આખરે આવે જ્યાંનો ત્યાં–પડી માયાના૦
લાખો જીવ હમેશાં જાતા મૃત્યુના મુખમાં હોમાતા
તો પણ જોનારા પોતાને અમર ગણે મનમાં-પડી માયાના૦
એ ઘટમાળા આ દુનીયાની સમજે સહુ જ્ઞાની અજ્ઞાની
છતાં મોહમાં ભુલા પડે છે વિશ્વ વિષમ વનમાં–પડી માયાના૦
આત્મા છે અવિનાશ સદાયે નિર્વિકાર છે એ સમજાયે
મળે શાન્તિ ત્યાં કર્મ લય થતાં આત્મ ચિંતનમાં
બ્રહ્મ પરમાત્મા ચિંતનમાં.

અટંકી વીરઃ— (કુસંપના ફળ)

મિથ્યા મમત મોટાઇમાં કુસંપ વધતો જાય છે!
ભારત ભૂમિનું ભયંકર ભાવિ મને દેખાય છે!
પ્રલયના પૂરમાં, જુઓ નૌકા તણાએ દેશની—
ફાલી ફુલી પુલવાડીઓ કરમાય છે આ દેશની—

× × × ×

ઐકયતાને સાધવા આપ્યું અમે બલિદાન છે!
પ્રતિજ્ઞાને પાળવી એ ધર્મનું અભિમાન છે!
લાડીલી કન્યાને કન્યાદાન આજે આપજો—
સોલંકી ને પરમાર વચ્ચે સંપ શાંન્તિ સ્થાપજો—

× × × ×

કીર્તિ સ્થંભ— (પ્રમદા પુરાણ)

લખી શ્લોક દશ હજાર, કરું શાસ્ત્ર હું તૈયાર
ધાર્યું પ્રમદા પુરાણ એનું નામ છે—
સ્ત્રી છે શોભે છે સંસાર, સ્ત્રી છે સઘળા સુખનો સાર
એને આધીન રહેવામાં આરામ છે—
પહેલાં શ્લોક લખાશે એ, સ્ત્રી એ ધરતી માતા છે
તારે તેમજ પાળે તે, એનું ચરણે હજારો પ્રણામ,
ઘરનો વાળ નર કહેવાય, પ્રમદા પ્રધાન તેનો થાય
એમાં કોણ શ્રેષ્ઠ કહેવાય, અહીંયાં સઘળા પ્રમનો વિરામ છે
સ્ત્રી છે ડાળ પુરૂષો ચોખા, સ્વાદ ભેગા તોએ નોખા.
એમાં કોના કરવા ધોખા, અહીંયાં પ્રમદા પુરાણ તમામ છે—

તારણહાર—

અજાણ્યા તે સ્નેહ કેમ કરીએ સાહેલી
અણજાણ્યા તે પંથ કેમ જઇએ-સખી.
પ્રીત સાગરનાં ચારી છે ઉંડાં સાહેલી
જોઇ જોઇને વિચારી પાય ધરીએ-સખી.
ભેદ કંચન કથીર તણા જાણી લઇએ
નહીં ઉજાંને દુઃખ સંખી માની લઇએ
હૃદય પરખે કે હૃદય અમે અર્પી દઇએ
નયન નીરખી પીછાણે પ્રાણ વારી જઇએ.
નહીં પ્રેમના બજાર આ સંસારમાં સાહેલી
હૃદય રત્નના વેપાર કેમ કરીયે-સખી.
મળે સાચા ઉરહાર પછી શાના વિચાર
ગ્રહી સાચા ભવતાર પાર તરીએ-સખી.

તારણહાર—

પુછી જો જગતના ધનવાનોને પૈસા કયાંથી આવ્યા
કાળાં ધોળાં કૈંક કરીને કૈંના માલ પચાવ્યા
કરી ઉચાપત માલ બીજાના આખર કોઈ ન ફાવ્યા
માળાના મુળમા જાતાંમાં કૈંક ફરે હડકાયા
બાગબગીચા કૈંક બંગલા પૈસાથી બંધાયા
સત્ય નિતિની ઝુંપડી જ્યાં ઇશ્વરની છાયા

તારણહાર—

અજબ રત્ન એક આપું ન આપું કહો આપું
તો-એને છુપું રાખશો ?

રત્ન મોંઘુ જો હોય એ તમારૂં હા'–તમને બહુજ
પ્યારૂ તમારૂ ગણીને તમે રાખશો.
વાટ ઘાટે એ રત્ન કાંઇ મળતાં નથી,
અમે જુઠી લાલચ જોઇ ઢળતાં નથી
જો ! જો ! કલ્પવૃક્ષ રોજ રોજ ફળતાં નથી
પ્રાણ સારે સ્વીકાર રાજ સુંદર ઉપહાર
ગણું પ્રાણથી અધિક પ્રાણ માનશો.

તારણહાર—

નંદનવન સમ દેશ આ જેનાથી સોહાય
ભારત રમણી આજ તે ચરણ તળે છુંદાય
જગતનાં આંસુ લેહોનારાં લુછો અબળા તણાં આંસુ
વહે છે આજ ચોધારા લુંછો અબળા તણાં આંસુ
તમારા દેશની લક્ષ્મી તમારૂં તેજ ને ગૌરવ
અરે સન્માન ચાહનારા લુંછો અબળા તણાં આંસુ
નથી એ અશ્રુનાં બિંદુ ભર્યાં છે બિંદુમાં સાગર
જશે આ દેશ પાતાળે લુંછો અબળા તણાં આંસુ

તારણહાર— રાજ-કન્યાને

દિવાના પ્રેમના પંથી પ્રિતીના પંથ જશો ના
સુધા માના એ વિષ પ્યાલા પીશો કે કોઇને પાશો ના
કીનારા નહીં જરે શોધ્યા. વિષમ ચમળે ભમી મરશો
એ સાગરના અતલ તલનાં હૃદયને કોઇ ખોશો ના
દિવસને રાત રોવામાં નયનમાં નીર ના રહેશે.
અરે છે પ્રેમ દાવાનળ ચિતા જ્યોતિને જોશો ના.

તારણહાર—

દેખાદેખી કરવા જાય, એના ઢેઢ ફજેતા થાય,
આખર ઇજ્જત લીલામ બાવી થાય છે.
ભલે હંસ થવા જાય નકલ અસલ ભૂલી જાય
આખર બગલા તે બગલા કહેવાય છે.
હે ! વાંદરચાળા બહુ કરીએ, રેગટ હાંસી થાય;
ભુલ્યા ત્યાંથી સમજે વ્હાલા
સોળે સજે શણગાર સંખણી, પદમણી ના થવાય,
ભુલ્યા ત્યાંથી સમજે વ્હાલી, હવે છોડ લવારી છોડ.

વીર ભુષણ— (સારૂં કોણ ?)

પડજો સંસારમાં વિચારી, પરણશો ના કદી નારી.
રહેજો ભલે બ્રહ્મચારી, પરણશો ના કદી નારી.
ભૂંડી કો ભારજાથી પડતાં પનારાં જીંદગી જાયએ હારી;
કોઇને કહીએતો થાય ફજેતા રહેવું સદા મન મારી–પરણશો.
નિર્લજ નગુણી જાતિ નરોની એથી નિંદાય છે નારી;
પોતાનો વાંક તો જરીયે ન જોતા અબળાને પાડે ઉતારી
પુરૂષની જાત છે નઠારી...પરણશો.

વીર ભુષણ— (કયાં ગઇ ?)

કોઇ કહેશો કે જુવાની કયાં ગઈ !
મદભરેલી જીંદગાની કયાં ગઈ !
ગર્વથી કહેવા થશે આનંદમાં ઉલ્લાસમાં,
રાગના અનુરાગમાં કે પ્રેમના અભ્યાસમાં,
ના ખબર યુવા દિવાની કયાં ગઇ !

આવશે જ્યારે બુઢાપો કાય ડગમગ ડોલશે;
ભોગવ્યું જો નહીં હશે તો ત્યારે પસ્તાવો થશે.
બોળશું ઝુકી ગુમાની કયાં ગઇ !

અંશાવતાર—

ધારો કે ધન ખરચી નાખ્યું અને દરજ્જો જાય
ધારો કે રૂસ્વત ખાતાં જો પાપ કદી પકડાય
શ્વસુરજી કહો પછી શું થાય !
વેન પ્રભુના રાજ્ય મહિ એ ઘર ભરવામાં સાર
પરમેશ્વરના રાજ્ય મહી છે ઘોર પાપનો ભાર
શ્વસુરજી કહો કેમ વેઠાય !
ખરી શીખામણ સમજે નહિ એ છે અક્કલની તાણ
અમ જેવા ભોળાભાનો બેલી ભગવાન
શ્વસુરજી એજ અમારો ન્યાય !

અંશાવતાર—

મારો મીઠો સંસાર તોય જામે તકરાર
રોજ લડતાંને પાછાં મનાતાં અમે
એ છે મુરખ જરાક હું છું હઠીલી જરાક
નહીં કરીએ કબુલ અમે કોઇ કોઇનો...વાંક
નખ્યુ આપે ન કોઇ કલેશ કયાંથી રમે
રોજ હારે છે એ ને મનાવે મને
બાફ માગી ને અંતે રીઝાવે મને
રહે મારી સરસાઇ એજ મુજને ગમે

વીરના વેર—

ઓ માતૃભૂમિના સૂર્ય થયા નિસ્તેજ આજ કહો શાથી?
સ્વાતંત્ર્ય સરોવર રાજહંસ પરતંત્ર થયા કહો કયાંથી?
ગૌબ્રાહ્મણના પ્રતિપાલ ઓ ક્ષાત્રપાલના બાળ
રણ હાક પડી વીર ઉઠો દુંદુભી ગાજે,
ઓ કેશબંધુ કરશસ્ત્ર ધરો નિજ જન્મભૂમિને કાજે
દીન હિંદમાત ચોધાર રડી કરે આજ પોકાર
એ અશ્રૂ લુછવા બનો શિવાજી સાથી
કેમ દીલ્હીપતિના દાસ બન્યા ઓ! ક્ષાત્રવીર ભડભાથી

વીરના વેર—

હળવે હળવે ડગલાં ભરજે સખી જીવન જલ છલકાય નહીં,
હૈયે મુજને કંઈ થાય સખી શું થાય બળ્યું સમજાય નહીં.
મદઘેન ચઢયાં તુજ લોચનમાં કહે કોણ વસ્યું તનમાં મનમાં
કોઇ આવી વસ્યું મમ લોચનમાં અળી મીઠ મીઠ સમાય નહીં.
જો જે અધુરી મધુરી કળી તું કોઇ લોગી ભ્રમર ચુંમી જાય નહીં.
રસચુમ્બન તો જીવન બંધન જીવ જાય છતાં તુટી જાય નહીં.

સ્વામી ભક્તી—

પ્રવીણ હું ચપળા ચતુર સુજાણ મધુરૂં બોલી મારૂં બાણ.
દરબારીની દુલ્હન હું હું દાવ પેચ રમનાર.
પ્રપંચની હું જાળ બીછાવી સપડાવું શિકાર
ખુશે ભેદ તમામ ખુશામત સાધન શ્રેષ્ઠ ગણાય.
ખુશામત ખુદાને પ્યારી ધાર્યું સર્વે થાય.

સ્વામી ભક્તી—

ભેટ આ કર કંકણની આપને ચરણે ધરૂં,
માલિકને માટે કહો તો પ્રાણ મારો પાથરૂં,
સ્વામી ભક્તિમાં કર્યું સૌભાગ્યનું બલિદાન છે;
દેશ ભક્તિનું અમારા હૃદયમાં અભિમાન છે,
પ્રાણ સાટે ધર્મ છે ના પ્રેમની પરવા કરૂં,
મુક્તિનો એ માર્ગ છોડી હું નહિ પાછી ફરૂં;
કામ આવે આપને તનની ઉતારૂં ચામડી,
જીવનના શ્વાસ છેલ્લા સ્વામિ ભક્તિના ભરૂં.

સ્વામી ભક્તી—

આવે દાવ સોગઠી મારે બગડી બાજી જીતી જાય
બાયડાની વાતો ન્યારી.
છે સાહસ કરનારી, જેના ભેદ નહિ સમજાય;
બાયડીની પણ બલિહારી.
હોય ગમે તેવા પણ મર્દો મૂછાળા કહેવાય,
મૂછના પાણી સામે સીનાં પાણી ઉતરી જાય;
બાયડાની વાત ન્યારી.
વાર્યું પોતાનું કરનારી નારી જાત ગણાય;
એક ચોટલાવાળીથી આખા આલમ અંજાય;
બાયડીની પણ બલીહારી.

અંશાવતાર—

વશમાં છે પ્રણય પથ કંથને ભરોસે
રસના સિંધુ અનંત કંથને ભરોસે

ઉંડા આકાશ અને પાંખો બંધાઇ રહી
ઉડવા અભિલાષ વંત કંથને ભરોસે
જગની અજાણ અમે સોંપ્યાં તન પ્રાણ અમે
અધરા છે જીવન ગ્રંથ કંથને ભરોસે

સમ્રાટ—હર્ષ— રાગ ઉસ્તાદી

ગરવા લગાલું સાવરીયાં
સુરતીયાં તોરી મનકો લોભાઇલી !
તિરછી હય તોરી નજરોયાં—સુરતીયાં તોરી
નિરાલે સબસે જહાંમે યે હુરનવાલે હુંય
નજર ચુરાકે જીગરપર લગાને ભાલે હુય
હુજરો સેંકડો દિલ પાંઉસેં મીસલ ડાલે
ઔર દેખનેમેં બડે સીધે ભોલે ભાલે હુય
મારી કટારી પ્રેમકી કારી
બારી હુય મોરી ઉંભરીયાં—સુરતીયાં તોરી

સમ્રાટ હર્ષ— (વિદાય)

વિદાય વ્હાલમ ! તમારી લેતાં, જવું અમારે રડી રડીને !
જીગર અમારાં જળી જવાનાં, નયનથી આંસુ પડી પડીને !
ભર્યા સરોવર થયાં અદીઠાં, જણાયાં મૃગજળ તમોને મીઠાં,
તમે એ મૃગજળ પીજો સુખેથી, જીગરનાં પ્યાલા ભરી ભરીને !
અમોને હોતી ખબર તમારી, દશા, આ કરશો તમે અમારી
હસી રહ્યા છો હવે અમો પર, કતલ કલેજાં કરી કરીને !–

કીર્તિ સ્થંભ— રાગ ભજન.

એક સમય એવો હતો, હતાં રાજ્ય ધન ધામ
આજ સમય છે એજ કે, સરવર તીર મુકામ

બનવા ... ... નવ કરીએ કંઇ કલેશ,
કોઇ દિન હોયે રાજ સિંહાસન, કોઇ દિન સાધુ વેશ.
ચડતી પડતી ચક્રનાં એ સઘળાં તોફાન
નહિ હર્ષ કે શોક જ્યાં હરિ ઇચ્છા બળવાન—

કીર્તિ સ્થંભ—

નરસિંહ ચાલ જઇએ કાશી, ડબકાં મારીએ એકાશી
૮૨, ૮૩, ૮૪ થી છુટીએ
સારા પંડિત જોતાં જઇએ, ૧, ૨, ૩, ૪ રાતો રહીએ.
નવાં નવાં અફીણ ખાઇએ,
ચાલ ભાઇ લાખેણી મઝા લુટીએ.

મધુ માસમાં ગ્રહણ એમાં કરીએ જઇ તર્પણ
લાડુ કરીએ બે ત્રણ મણ જમવા ચતુર પંડિતોને ચુંટીએ
પરસ્નાન દર્શનથી શીવરાયા પુરો પાવન કરીએ કયા
ત્યાંથી હરખાયા હરખાયા જઇએ,
સસરા સાળા બંધુને કુટીએ:-

કીર્તિ સ્થંભ—;: હૃદયની વાત:-

દિવસો વીતે વાતવાતમાં, નાની લાગે રાતજો
જાણે હમણાં રાત પડીને, હમણાં થયું પ્રભાતજો
એવા એ દિવસો તે કયારે આવશે.

આણ. આવે સાસરીયેથી કરે મરકરા સહીયર જ્યારે
ઉપરથી રીસાઇયે ત્યારે, હૈયે હોયે નિરાંતજો—એવા,
ભાન રહે નહિ રાત દિવસનું, રસમસ્તી ની વાતો કરતાં

જાય હજારો રાત છતાં પણ, ખુટે નહિ એ વાતજો-એવા.
જે ઘડી આખા જીવન ભરમાં, એકવાર આવે જીવતરમાં
એ ઘડી આગળ આ જીવતરની કંઇએ નથી વિસારતા જો-એવા.

કીર્તિ સ્થંભ માટીનો મહિમા.

માટીની પ્રભુતા વડે સજીવ છે સંસાર
મર્મ ન સમજે તે નરો ભુમી ઉપર ભાર,
ભુમિના નાથની ભુમિ બધી કહેવાય માટીમાં
સકળ સામ્રાજ્ય સમૃદ્ધિ બધી સરજાય માટીમાં—
કહી માટા તણી કાયા, અને માટી મહિં માયા
જગત સરજાય માટીથી અને લોપાય માટીમાં—
મુઠીમાં માટી ભરો ત્યેં રાજ્યનો ભાર
કરું દાન આ હાથથી, રાજ્ય તણા ભંડાર

કીર્તિ સ્થંભ— રાગ ગઝલ

આ પૃથ્વિ છે પરમેશ્વરની, પૃથ્વિપતિ એ એક છે
જ્યાં ભૂપતિ છે કૈંક પણ ભૂમિપતિ એ એક છે—
જે અન્નનાં કણ એકનાં લાખો કણો ઉત્પન્ન કરે
જે બીજમાં વૃક્ષો શમાવે. અકળ અતિ એ એક છે—
જેની દયા મોટા થકો પણ રંક પર ઝાઝી રહે
એ દીનનો આધાર જેની, અકળ ગતિ એ એક છે

કીર્તિ સ્થંભ—

મારે સાસરીયે જઇ કોઇ કહેજો એટલું
પ્રીતમજી આણા મોકલે.
મને પીયરીયામાં હવે લાગે એકલડું. પ્રીતમજી આણા મોકલે

રાત જાગી જાગીને જાય છે
આંખ મીચું તોસ્વપ્નાદેખાય છે

મારૂં હૈડું ભાન સાન ખોઇ થઇ ગયું ભુલકણું–પ્રીતમજી
મને મહેણાં મારે સાહેલડી
ફાલી ફુલી છે જીવનની વેલડી
ઘેલી થઇ છું વીરહ બળે છે કાળજડું—પ્રીતમજી.

કીર્તિ સ્થંભ—

સજીલે સંજીલે સજની તું શણગાર
ગુંથીલે સ્નેહ સુમનના હાર, અલીએ હુમણાં આવશે
સખી એ છે સાચા શણગાર
હારથી મોંઘા હૈયાહાર મળ્યાથી મનડું માનશે
હૃદય હોય સુંદર સજની ત્યાં રોળ વૃથા શાને
સુંદરતા લુખી નવ શોભે હૈયાં હરવાને
સ્વજનના નયનોથી સત્કાર
ઉઘાડો મન મંદીરના દ્વાર અલીએ હુમણાં આવશે

માલવપતિ— રાગ ગઝલ

હૃદયના શુધ્ધ પ્રેમીને, નીગમનાં જ્ઞાન ઓછાં છે,
ન પરવા માનની તોયે, બધાં સન્માન ઓછાં છે.
તમો જાવું બહુ સહેલું છે, મુશ્કીલ ડુબવું જેમાં,
એ નિર્મળ રસ સરીતાથી ગંગાસ્થાન ઓછાં છે.
પ્રણય કલહે વહે આંસુ ચુમે ચાંપી હૃદય સ્વામીન્
અરે એ એક પળ માટે જીવનનાં દાન ઓછાં છે.

સિરાજુદૌલા— રાગ ગઝલ.

ગઇ છતાં એની છબી આવે નજરમાં,
આંખો ગજબ જાદુ ભરી ખુંચે જીગરમાં,
દેખાવમાં ભોળી છતાં જાદુ ભરી એ,
રાખે હુન્નરો તીર કાતિલ વાકી ભમરમાં
ગાલો મહીં લાખો ગુલોની લાલી છુપાવી,
ઉભી હતી નજાકત ભરી એ રશ્કે કમર ત્યાં,
પરવા ન તાજે તખ્તની એ નાજે અદાપર,
વણમૂલ વેચાયા અમે માશુકના કરમાં.

સિરાજુદૌલા— રાગ કવ્વાલી.

જેવી કરે જે કરણી તેવી તરત ફળે છે,
બદલો જુરા ભલાનો, અહીંનો અહીં મળે છે.
ઉંચે ચડે છે જ્યારે, સહુને એ તુચ્છ ગણતા,
પટકાય જ્યારે નીચે, ત્યારે સમજ પડે છે.
હસતાઓને રડાવે, રોતા ઉપર હસે જે,
રોનાર તેને કોઈ, આખર નહી રહે છ.
આપ્યા વિના ન મળશે, વાવ્યા વિના ન ફળશે,
ઇન્સાફ એજ કુદરત અહીંનો અહીં કરે છે.

સંસાર સાગર— તબીયતનો તમાસે.

હું તો નાજુક તબીયત વાળી, મારો તબીયતને સાચવજો,
મારા મીજાજને સંભાળી, મારો તબીયતને સાચવજો.

મમ્માની માનીતી હું છું, પપ્પાને બહુ પ્યારી,
વાત કરે કોઈ ગુસ્સે થઈ તો, ધડકે છાતી મારી.
ઉઠી સવારે આઠ વાગતાં તરતજ ચા પીનારો,
લેટ થાય જો મીનીટ એક તો તબીયત જાશે મારી.

સંસાર સાગર—

ઘરને સંભાળી રાખતાં, વાહી જતી રહી;
લટકારીને લોભાવતાં, લાડી જતી રહી.
સીધી સડક જાતો હતો. ત્યાં થાંભલો નડ્યો.
મોટર હમારા પ્રેમની આડી જતી રહી.
જાવું હતું દાદર ઉપર, પણ ભાન ન રહ્યું.
એ મોહમાં માહીમની, ખાડી જતી રહી

અજયધારા—

જયાં નથી ગરજ તલભાર સખી ત્યાં ગરજુ થઈ કાં જઈએ
છે એ જીવન આચાર એમને ઝાઝુ તે શું કહીએ
અંકાય નહી અણમૂલ સ્નેહનાં મુલ કદી આ રીતે
સજની નવીન કોઈ રીત શીખવશે આજ પ્રિતમજી પ્રીતે—
જળ સરિતાનાં જેમ રત્નાકરમા ભળી થાય છે આનાં
અમે ભવ્યાં તમોમાં એજ પ્રકારે નથી લેશ પણ ન્યારાં
છે એજ સ્નેહ ત્યાં માન અને અપમાન તણી શા પરવા
યાચો ક્ષમાના દાન કરે રસ પાન કલહ પરીહરવા.

વીર ભુષણ— વિરનારી.

વાયા વીરત્વના વાયરારે ! હવે થઇને અધીર;
રમણી રણ જીતવા નીસરી.
કોમળ હૈયાંને એનાં કુમળાં શરીર.....રમણી.
જાગ્યા ઉજાસ એના અંતરના બારણે,
માતૃભૂમિની ભીડ ભાગવાના કારણે,
કેસરીયાં કાળજાં ને કેસરીયાં ચીર.....રમણી.

વીરના વીર—

નયનો છાના અશ્રુ સારે યાને રડતી તું ચોધારે,
વારેવારે શું સંભારે તારા દર્દી દીલડાની દહેને દવાએ કંઇ,
દર્દી દર્દીની ગત જાણે ઘાયલ વાગ્યા ઘાવ પીછાણે,
કોઇની પીડા કોઇ શું જાણે.
જગતમાં દર્દી દીલડાંની તો છે દવાઓ નહીં,
કદર નહીં દીલની જેને એને તે દીધ કાં દીધા;
જે રસ્તે લુંટાયાં જહેની એ રસ્તા શીદ લીધા;
વિષમાં અમૃત કયાંય ન દીઠાં.
ખાલી કોમળ કાળજડાને કંપાવો નહીં,
બાઇ મીરાંને જઇને પુછો કે કાતીલ વિષ કેમ પીધાં;
દમયંતીને જઇને પુછો વનમાં શા સુખ દીઠાં,
સાચી સતીનાં મેં વૃત લીધાં.
કોઇ બીચારા કુમાર દીલને સતાવો નહીં.

વીરના વેર—

આવી તમારે દ્વારે સંદેશ એક દેવા,
શીખ્યા તમે જે પાઠો પાછા તમોને કહેવાં.
જે માટીમાં ઘડાયાં માનવ અમારાં,
જે માટીમાં જડાયા વીર પૂર્વજો તમારા.
તરસી બની એ માટી મમ રકત દાન લેવા,
જવાળા તમે જગાવી નિજ દેશ ભસ્મ કરવા,
બલિદાન બની એમાં વિભૂતિ શરીર ધરવા,
રણચંડીકા બનીશું રણજંગ આજ લેવા.

સમ્રાટ-હર્ષ— કર્મયોગ—

જ્યાં કર્મયોગની દિવ્ય વહે છે ધારા !
ત્યાં વંદન આજ અમારાં !
જ્યાં આત્મ ત્યાગમાં જ્ઞાન ગીતનાં પ્યારાં;
ત્યાં વંદન આજ અમારાં !
એ રણશૂરા શસ્ત્ર ધરે ના; ધૈર્ય ભાણ ધરનારા;
વિશ્વ પ્રેમમાં વિશ્વ ડુબાડી, વિશ્વ વિજય કરનારા—જ્યાં
કર્મયોગ એ જગ સેવા છે, ત્યાગ સહુ ત્યાં ન્યારા;
કર્મવીર તેને કહેવા જે સેવક થઈ ફરનારા
કર્મવીર તેને કહેવા જે સેવક થઈ ફરનારા
જગતારીને તરનારા
ત્યાં વંદન લાખ અમારાં—જ્યાં

વીરના વેર— રાગ કવ્વાલી

મદ મોહમાં દીવાનાં સંતાન આ અમારાં;
લુંટી રહ્યા છે સન્માન એ તમારાં,
ગૌરવ થટયાં અમારાં કીર્તિવરી એ બીજાને;
ડુબ્યા હતા તે તરતા દુબી ગયા છે તારા.
મિથ્યા પ્રમાદ ત્યાગો કર્તવ્ય પંથ લાગો,
નીદ્રા તજીને જાગો જગને જગાવનારા—

વીરના વેર— અબળાનો પોકાર.

આર્યતણા સુઘરે કહો કયાંથી જગમાં ઘર સંચાર
સ્વાર્થ માટે દીન અબળાને મારે મુંગો માર.
કુસુમકળીના શીર પર નાખે ધગધગતા અંગાર,
વૃક્ષ લગનના પાપે સળગે અમ સંસાર;
કહોને કયાં કરવા પોકાર.—
પાળી પોશી ગાય ગરીબડી બાંધે કસાઈના દ્વાર,
એ બાળાના માત પિતાને હુન્નર છે ધિક્કાર;
કરે જે લોહી તણા વેપાર.—

વીરના વેર— માંકડની મોઢાણ

અમે કોને જઇને કહીએ માંકડ બહુ કરડે બહુ કરડે,
ખાટલામાં હોય તો ખંજેરીએ અને ગોદડાં નાખીએ તડકે
અડધી રાતે ઓતો ભીંતેથી ઉતરીને ચડપ દઇને ચટકે,
અડધી રાતનો ઉજાગરો થયો ત્યારે ઘણીને ચઢી ગઇ રીસ
બહંમ દઇને ધોકો માર્યો ત્યારે ભાંગી ખાટની ઇસ.

વીર ભુષણ—

નેતાં ઉપજે છે મોહ; મળતાં મતિ ભમાવે,
અંગે ધરતા એજ ગર્વ અતિ ઉપજાવે.
અમે સર્વથી શ્રેષ્ઠ એજ વિચાર આવે,
કદી શોભશે દેહ; મનને નહિ શોભાવે.
આ ઝળહળતા કાંકરા શોભા નહિ પણ ભાર છે,
સદ્‌ગુણ સેવા ભાવના એ સાચા શણગાર છે.
કામ ન આવે કંઈ છતાં આ દુનીયા અંજાય છે.
મણિ મુકતાના મોહમાં ઘોર કુકર્મો થાય છે.

સ્વામી ભકતી—

કાળી કાળી આ નેણ ભમ્મર તારી તમ્મર આવે
ને આંખો ઘેરાય છે.
ઢાળી ઢાળી આંખલડી મદભર ઢાળી
મારી ખીલતી જુવાની ઉભરાય છે.
કામણગારા આ કાળજાં કોરાય છે.
ઘેલાં ઘેલાં હૈયાં હરખાય છે,
તારી મોહીનાં બાણ વાગી જાય છે. હાય—
અજબ મોહિની આંખમાં, ચતુરા ચિત્તની ચોર,
સોંપી તારા હાથમાં મારા દિલની દોર;
અહશો મા આધા રહો, વ્હાલા લહેરી લાલ;
સોદો ને સફરો નથી, આ છે મોંઘો માલ—

વીર ભુષણ—

સજની રે ! મને વાગી કાંકરી,
નાની હું પનિહારી, નકટ એ વિહારી,
હું તો હારી નજર સમ લાગી કાંકરી.....સજની,
કાંકરી નહિ એ મોહભાણ છે પીડા વણ માગી,
ઘટપર તાકી હૃદયપર વાગી કાંકરી અનુરાગી....મને

શૃંગાર ગોપી કૃષ્ણના જુના થયા છે કયારના,
તરસ્યા નવિન રસના અમે લોભી નવિન શૃંગારના
શૃંગાર રાધાકૃષ્ણના વેશ્યાઓથી જે સાંભળે;
તેને ખરા શૃંગારની સમજણ કહો કયાંથી મળે!...સજની

વીર ભુષણ—

આ સંસાર અજબ ઘટમાળ,
સૌ સૌના છે પંથ નિરાળા સૌના જુદા હાલ.
કોઈ શકિતથી, કોઇ યુકિતથી, કોઇ બુધ્ધિને કપટકળાથી
ચલવે છે વહેવાર.....
સર્વ મરે લાઠી નવ તૂટે એ યુકિતની જાળ...આ સંસાર.
એકના બુરામહીં બહુ ભીજાનું થાય,
રવી જો આથમે તો ચંદ્રથી ઉગી શકાય.
ભલાઇ ને ભૂંડાઇમાં વિધિ તણો એ ન્યાય!
એ ન્યાયે કોઈનું શું થાશે એની શી જંજાળ!
શીખવી સ્વારથની સંભાળ....આ સંસાર.

લગ્ન બંધન— નવો જમાનો—

અંગ અંગમાં (૨) યૌવન ઉભરાય.
તંગ ચોળી આ ફાટી ફાટી જાય....તંગ
શીક્ષણ સુધારાનું લીધું છે કારમું
અંદર એજ લગ્ન નવ થાય,
બાર ને પંદરની સખીઓ ગઇ સાસરે
જીવ મારો બળી ખાખ થાય....તંગ.

પઠતાં નજર મારી પડી છું પ્યારમાં
ડીયર પોપોંને ચિત રહાય
એન્ગેજડ થઇ છાનીમાની હું પ્રેમીસથી
લગ્ન માટે ન બોલાય....તંગ ચોળી.

સ્વામી ભક્તિ—

વાગી જાશે આ નેન કટારી
મારી સામે ન જોશો (૨)—વાગી.
જાસુસી કરનારી આ છે ઘરવાળી મારી
કેવી તેજી તલવાર છે બેધારી
આ મન હરનારી—વાગી.
જોશો તો જખમી થશો, ઘાવ નહિ રૂઝાય;
એ ઘાને રૂઝાવવા નથી કોઇ ઉપાય
વસમા એના ઘાવ છે, વસમી એની ધાર;
આરપાર ઉતરી ગઇ, તારી નૈન કટાર.

લગ્ન બંધન સ્ત્રીઓની સ્થીતિ—

અધમ આ અબળાનો અવતાર, હતભાગી હિન્દ મોઝાર
પિયરીયામાં નાની વયથી કરવા કામ અપાર
યૌવનના અંકુર ફુટતાં ખોળે રમતાં બાળ...
યુવતી અભાગી લાગે વૃદ્ધા આવી પકડે કાળ.
કાં મરતી કાં વિધવા બનતી યૌવનમાં તત્કાળ...
વૈધવ્યે તપતી બળતીને રહેંસે લોકાચાર
આંસુ ખુટે આંખથી આજર કરતી અધમાધાર....

કાશ્મીરનું પ્રભાત— (રાગ ગઝલ)

ઘેલી બની છું પ્રેમમાં સ્વીકારતા શાને નથી ?
પ્યાલી ભરીને પ્રેમની શાને મુને પાતા નથી ?—ઘેલી૦
અંગો બળે છે આગમાં નિષ્ઠુર કાં ઉભા રહ્યા ?
બંજર ખુંપાવો દેહમાં શાંતી મુને થાતી નથી—ઘેલી૦
વ્હાલા હુંથી રહેવાય ના મુઝાય આ જીવ જાય છે,
પાયે પડું છું આપના શાને ચુમી દેતા નથી ?—ઘેલી૦

શાલીવાહન— રાગ-કવ્વાલી

મીઠી નજરના તરસ્યાના તરસ્યા બની રહેજો,
સિધું તમે તો બિંદુ સમ અમને ગણી લેજો.
છે સાગર હૃદય તમારાં, ત્યાં શાં અભિમાન અમારાં,
નિભાવજો સરણાંગત જાણી દોષ સહી લેજો.
જીવન તમારે ચરણે આત્મા તમારે શરણે.
મમ આત્મ તણા પરમાત્મ બનીને અંતરમાં રહેજો:—

ગર્વ ખંડન— (વરઘોડો)

બસ વાંઢા રેણું જાય, ભલે જે થાવાનું તે થાય
મારૂં હૈયું હરખાય, હવે આપણ ચઢશું વરઘોડે-(૨)
લટકાળી લાડી જોડે, પરણીશું આપણ કોડે;
ભાડાની મોટર દોડે, હવે આપણ ચઢશું વરઘોડે-(૨)
પરણેલા પસ્તાવો કરતા તે પસ્તાવો ખોટો;
દોરંગી દુનિયામાં કયાં છે પરણેલાનો જોટો;
હવે જાન કયારે જાય, કયારે ગીતડાં ગવાય;
માણસોમાં લેખાં થાય, હવે આપણ ચઢશું વરઘોડે-(૨)

વીર ભુપણ

નિઃસાસા કોઇના નવ લઇએ.
દીલ પ્રભુનાં દીધેલ ગણીને દીલને છેહ ન દઇએ.
સાગર નદીઓ પાછી વળે, તોએ જળ કયાં જાશે?
વૃક્ષ આશરો આપે નહિ, તો વેલીનું શું થાશે
એ કરૂણા નહિ ઉપજે તેને, કેમ દયાળુ કહીએ....
પાંખ પંખીની કાપી નાંખી પછી ઉડવા કહેવું!
કોઇના દીલમાં દવ સળગાવી પાછા જીવવા દેવું.
આ જીવનથી મોત ભલું એ સમજવા કયાં જઇએ

વીરના વેર—

કોઈ કહેાને કે કોઇ બધા કયાંથી પુરાય (૨)
મારા મનડાની મનમાં સમાય હૈયું થાય.

પહેરી પચરંગી સાડી તન ખીલતી કુલવાડી,
જોઇ જોબનના ભાળી હવ જાય જાય—કોઇ.
ચોરે કે ચોટે જ્યાં જતો વાતો મારી થાતી,
ધડકે કુણી છાતી આ કાળજુ કપાય.
કોઇની હું કાકી તો કોઇની હું માસી,
દીકરાના દીકરાની વહુથી હું નાની.
બધા મોટીમા કહે ના સહેવાય—કોઇ.

સિરાજુદૌલા— રાગ કવ્વાલી.

એ ગઇ છતાં એની છબી આવે નજરમાં,
આંખો ગજબ જાદુ ભરી ખુંચી જીગરમાં.
દેખાવમાં ભોળી છતાં જાદુ ભરી એ,
રાખે હજારો તીર કાતીલ વાંકી ભમરમાં.
ગાલો બહુ લાખો ગુલોની લાલી છુપાવી,
ઉભી'તી નજાકત ભરી એ રશ્કેકમર ત્યાં.
પરવા ન તાજો તખ્તની એ નાજો અદાપર,
વણમૂલ વેચાયા અમે માશુકના કરમાં.

સિરાજુદૌલા— રાગ ગઝલ.

મધરાતડી વીતી ગઇ પણ આંખલડી હજી ના મળી.
નુરેનજર થઇ આકળી દીલબર વિના બે બાકળી.
રશ્કે કમરની રોશનીથી રોશના ઝાંખા થઇ;
એ રોશનીને શું કરૂં દીલ રોશની ના ઝળહળી.
કયાં સુધી કરવી સબર દીલદારને કૈં ના કદર,
એ સબરમાં ને સબરમાં દીલદાર થઇ ગઇ દુબળી,

માલવપતી— ચડે-તે-પડે

એક સરખા દિવસ સુખના કોઇના જાતા નથી;
એથીજ શાણા માણ્યથી, લેશ ફુલાતા નથી;—
ભાગ્ય રૂઠે કે રીઝે, એની તમા તેને નથી;
એજ શુરા જે, મુસીબત જોઇ મુઝાતા નથી;—
ખીલે તે કરમાય છે, સરજાય તે લોપાય છે;
જે ચડે તે તે પડે, એ નીયમ પલટાયા નથી;—

સંસાર સાગર— એક પસંદગી—

પૂછે મને તો હું કહું, દીલદાર હો તો આવી હો;
આંખો કહે જોવા ચહું, ચહાનાર હો તો આવી હો—
મસ્તીભર્યાં નયન શરે, રસીકનાં હૈડાં હરે;
જોનારને ઘાયલ કરે, તલવાર હો તો આવી હો—
સુધાભર્યાં અધરો પરે, અમૃત મધુર વરસ્યા કરે;
પીનારની તૃષા હરે, રસદાર હો તો આવી હો—
શી ખબર અમૃત પીવાડી, અમર કરશે કે નહીં ?
અમૃત તણા પ્યાલા ભરી, પાના હો તો આવી હો.—

આચાના રંગ— એક શીખામણ

ભૂલે ચુકે થશો ના કોઇ નારીના દીવાના,
જીતવા જીગર તમારૂં કરશે અનેક વાના.
મારી છબી તમોને તેની છબી અમોને,
ઘાયલ ત્રીજાને કરતી ચોથાને પત્ર છાના.
ફાવ્યા નહિ દીવાના ફાવ્યા ન કોઇ શાણા.
પ્રેમે થયા જે પાગલ આખર મુકામ થાણા.

એક અબળા— સેકન્ડહેન્ડ સુંદરી

તમે પહેલાં પરણેતરને નહીં પ્રેમથી નીભાવ્યાં
જોઇએ બીજાને કેવા નિભાવશો
સ્નેહલગ્નની છું સુંદરી નવરંગ ભરી નારી
મારી મોહકતા સામે નીહાળશો
સેકન્ડહેન્ડ સુંદરી–પસ્તાએલા છો પ્રેમદા
જરા જુનિ ટેવોને સુધારશો
મને ખાન પાન માનથી રીઝાવશો
થયાં રોજના મેહમાન એ વિચારશો
બોલી એવું કાળજડું ના બાળશો.—

પ્રેમ વિજય— રાગ–ત્રોટક.

દીલ બોલ અલી જરી જોતો ખરી,
તારા સ્વપ્ન વિહારી–એ શ્યામ રહ્યા.
દૂર જાએ જરી શરમાએ અલી,
મારા શ્યામને–કેમ સતાવી રહ્યાં.
સખા નાથના નેહ છુપાય નહિ,
રસ પાન પ્રકાશમાં થાય નહિ;
રસ પાન સુખેથી કરાવ સખી,
તારા શ્યામલ–ગૌર કિશોર રહ્યા.
અલી જો જે તરસ રહી જાય નહીં,
રસીયા રસ પાને ધરાય નહીં;
ભુજ બંધ પ્રીતેથી ભરાવ અલી,
મન મંદિરના–તારા મોર રહ્યા.

શાલીવાહન— રાગ–કવ્વાલી

આગું તમારી આયા, કાયા હુશે ત્યાં છાયા,
સ્વામીન તમારે ચરણે, વૈભવ બધા શમાયા.
જગની તમે વિભૂતિ, વિભૂતિ હું તમારી સ્વામી,
મારા અને તમારા, યોગો અમર લખાયા.
વૈભવ બીજાને આપે, કષ્ટો બીજાનાં કાપે,
પરમાર્થે પ્રાણ ત્યાગે, ત્યાગી ખરા ગણાયા.
દીન રાત જેણે જાગી, સેવા જગતની સાધી,
પ્રભુતા મર્યા એ જીવો, જગમાં પ્રભુ બનાયા–આયુ.

આયાના રંગ— રજીસ્ટર પ્યાર.

પ્રેમ તણી પોથી મહીં થયો રજીસ્ટર પ્યાર.
નરમ ગરમ બનતાં રહો, સુખી રહો સંસાર.
વહેમ જતાં સુધર્યો સંસાર, હનીમુન કરીએ જઇ ગીરનાર.
બે ઘોડા બે ગાડી તૈયાર, એકંદર નંબર છે ચાર.
પ્રેમ તમારો રહો બે તાલ રક્ષા કરજો ખેતરપાળ.
ડ્રાઇવર બબ્બનો જોઈ મેલ આ દિવાની થઇ.
તો નનકડા ગાડીને આ એકસપ્રેસ મોહી,
મેદાન થયું સાફ આ ચારે બલાએ ગઇ.
આભાર બાના સાથ અમે રહીશું સુખે અહીં.

પ્રેમ વિજય— મધુરીની માંગણી!–

સાહ્યબા સડકો બંધાવ માંડળગઢ જાવું
સોનેરી રથડા મંગાવ.....
મખમલ ઢીનખાબ તણાં ગાદલાં બીછાવી,

આંહી અન્તરનાં છાંટણાં છંટાવ.....
કચ્છી ઘોડાની જોડ જોડી અલબેલડી,
પ્યારીને પ્રીતે પધરાવ.....
પચરંગ પાઘ તમે પ્હેરો પ્રીતમજી,
શીર પર કલગી લગાવ..... ...
હળવે હાથે તે રથ હાંકો નાવલીયા,
નાનકડી નારી રીઝાવ.....

મરદના ઘા— કોણ પરણે ?

ડંખ ઝેરી હૈડામાં વાગે એને તે સખી કોણ પરણે,
વેન કારમાં ચડે ને પીડા જાગે એને તે સખી કો પરણે.
કાળા શા નાગ આજ એની શી પ્રિત,
કેમ રજની રમાએ એથી રંગે !
કાંચન વરણી તે બાજ કાયા કરમાય,
વળી કાળાં થઇએ તે અંગ અંગે.
એને તે સખી કોણ પરણે !

મરદના ઘા— પ્રથમ પગથીઉં

ગૃહસ્થાશ્રમનું પ્રથમ પગથીયું લગ્ન થકી મંડાય;
એ પગલે જે પંથ ભુલે તે જીવન ભર પસ્તાય.
પારસમણિ સમ કોમળ રમણી,
જીવન બગાડે પથ્થર પરણી.
પારસમણિનો સ્પર્શ થતામાં પત્થર પારસ થાય,
સાવિત્રી સમવૃત ધરે જે, દ્રોપદી કષ્ટ સહેજે;
વીરનરની એ બને જનેતા એ જનની કહેવાય—ગૃહસ્થા

મરદના ઘા— અનુભવની વાત—

રીસાવામાં રસીકતા શી રીસાનારાં રસિક જાણે,
રસિલીને મનાવામાં મઝા મીઠી રસિક માણે.
નથી પરવા પ્રિતનને જ્યાં વગર માને મનાવાં શાં,
રસિક તે શું રીસાવું શું, અરે મારી ભલા જાણે.—
વિયોગી નેત્રથી અશ્રુ સરી પડતાં કપોલો પર,
મઝા એ ચુમવામાં શી, ચુમેલા હોય તે જાણે,

મરદના ઘા— શેખચલ્લીની વાતો.

દેશ ફરી પરદેશ ફરી લાવું લંકાની લાડી,
જાણે માતેલી પાડી.
ખભે કોથળો, દેશ મોકળો, લઇ આવો લટકાળી,
પછી હોય લુલી કે આડી.
કરમકુટયાને કોણ કપાળે દેશે ઉનો ડામ,
લઈ આવું કોઇ ચટકચાંદની ભરશો તમે સલામ,
મરદાઇ એનું નામ, મયારામ દેવારામ.
વરઘોડામાં વરઝોળા તું કરતો રખે અનાડી.
જોશો ત્યારે રોશો લાડા લાડાજીની ગાડી.....દેશ
સૌ જોશે આંખ ફાડી એવી હું લાવું લાડી.

અજાત શત્રુ— ટુંકી માગણી.

શું માગું હું શું માગું આ ટુંકી શી જીંદગીમાં શું માગું
કલ્પના હીંડોળે ચઢે હૈયું ચકડોળે,
મીઠી મુંઝવણીમાં રજની જાગું—આ
ગગન મંડળના તારા ચુંટાવો

સાત સાત સાગરનાં રત્નો મંગાવો
સાલુડે ભરાવો રાજ એ હું માણું—આ
જગત બહુ મોટું ને આંખલડો નાની.
લાંબી આશાને રાજ ટુંકી જીંદગાની-
રાજ બ્રહ્માંડ ઉડવાને હું માણું—આ

સત્તાનો મદ— એક વાત,

પીયુને મળવા અમે ગયાં હતા ત્યાં માન અમારૂં ગયું
ઓ સજની માન અમારૂં ગયું
મનમાં તો કૈંક મનોરથ બાંધ્યા ધાર્યું કંઇ નવ થયું
સમય સાધી હું ગઇતી મળવા કંઈ કંઇ કહેવા કંઇ સાંભળવા
વણબોલી ભાષામાં જે કંઇ કહેવાયું તે કહ્યું—અ૦
ઝાંઝર ઝમકારે ચમકાવ્યા સાન કરી કૈં સમજાવ્યા
તોય નહીં સમજ્યા નગણા ત્યાં હૈયુ હાથ ન રહ્યું—અ૦
મે ધાર્યું કે હવે રીસાયું બોલાવે તો પણ નહીં જાવું
કહે હઠીલું હૈડું કે નહીં માનું તારૂં કહ્યું—અમારૂં૦

અટંકી વીર— એક ઉપાય.

સમજુ છતાં અણસમજુ થઈ અવજ્ઞા કરે આચાર
એને શી રીતે સમજાવું.
સાસરિયે સંતાપ સહે છે સ્વામીના સન્નારી
નથી કંઈ અંધકાર અબળા છે લાચાર બીચારી
સેવાવ્રતનાં વશીકરણથી વ્હાલાને રાજાવું-
મસ્તીખોર જો હોય મુરખ તો ધોકો લઇને ધાવું
કાનબુટ પકડાવીને એ કપુતને સમજાવું
ભૂત ભરાયું ભૂગોળનું હું ભુવો કયાંથી લાવું ?

અજાત શત્રુ— રાગ–કવ્વાલી.

જગતના પુણ્યશાળીઓ કેા પાપીને વીસરશેા ના,
ક્ષમા છે પાપનાં ઔષધ હૃદયમાં રેાપ ધરશેા ના,
ત્રિવિધના તાપથી બળતું બિચારૂં વિશ્વ કરમાતુ,
અરે ત્યાં પાપના ભારા, નકામા કેાઈ ભરશેાના,
પ્રહારેા પ્રેમથી ખાજો છતાંયે પાપીને ચ્હાજો,
અહિંસાના મધુર મંત્રેા જીવન ભરમાં વિસરશેાના—

કુમળી કળી—

હું તેા તમારી વ્હાલી લૈયાજી, ભાંગની પાવેા પ્યાલી લૈયાજી

સાખી { પરણ્યેા લાવે ટાપરાં, લૈયેા લાવે ગાજ;
ટાપરાં બાંધે કુચાવળે, ગળાયેા લાગે મને ગાળ—હું તેા૦

{ પરણ્યેા પાએ દૂધડાં, લૈયેા પાયે ભાંગ;
દૂધ પીધે ઊપડા વળી, ભાવે મન તેા ભાંગ—હું તેા૦

કુમળી કળી— (લૈયાની ભાંગ.)

દિલ મારૂં ડોલાવેરે લૈયા તેારી ભંગ
અજબ ખુમારી લાવેરે લૈયા તેારી ભંગ.
ઉઠાસી એ અટ હસ્તી હસ્તી ભરતી ઉર ઉમંગ,
અંગે રંગ રેલાવેારે, લૈયા તેારી ભંગ—દિલ૦
આંખલડી મદઝરતી ધરતી સુરખી દિલ ખુશ રંગ,
જોબન જંગ જગાવેારે, લૈયા તેારી ભંગ—દિલ૦

સમાપ્ત.